Office ... A. A. U., ANAND.
23 JUN 2015
INWARD No. 6888

પત્રક્રમાંક: પરચ/૧૩૨૦૧૫/૧૨૧૭/મ-૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૧/૬/૨૦૧૫.

પ્રતિ,

- સહકાર કમિશ્નર અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- ખેતી નિયામકશ્રી, કૃષિભવન , સેક્ટર ૧૦, ગાંધીનગર
- પશુપાલન નિયામકશ્રી, કૃષિભવન , સેક્ટર ૧૦, ગાંધીનગર
- બાગાયત નિયામકશ્રી, કૃષિભવન , સેક્ટર ૧૦, ગાંધીનગર
- મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- ખાંડ નિયામકશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજ. રાજ્ય જમીન વિકાસ નિગમ,બલરામ ભવન, સેક્ટર ૧૦- a, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ લી., સેક્ટર ૧૦- a, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી લી. અમદાવાદ
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય એગ્રો ઈન્ડસ્ટ્રીઝ લી. ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય વેર હાઉસિંગ કોર્પોરેશન લી. અમદાવાદ
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિ. ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજ. કૃષિ બજાર બોર્ડ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- કુલસચિવશ્રી, આણંદ/નવસારી/જૂનાગઢ/દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી/કામધેનુ યુનિવર્સિટી
- સભ્ય સચિવ સહ સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગર

**વિષય:-** કૃષિ મહોત્સવ-૨૦૧૫ અંતર્ગત નર્મદા જિલ્લામાં લગાવવામાં આવેલ હોર્ડીંગ્સમાં માન.રા.ક.મંત્રીશ્રી (કૃષિ) ના ફોટાની જગ્યાએ અન્યનો ફોટો છાપવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે, નર્મદા જિલ્લામાં કૃષિ મહોત્સવ-૨૦૧૫ પ્રસંગે લગાવવામાં આવેલ હોર્ડીંગ્સમાં માન.રા.ક.મંત્રીશ્રી (કૃષિ) ના ફોટાની જગ્યાએ અન્ય કોઈનો ફોટો છાપવામાં આવેલ હતો. અગાઉ પણ ડિસેમ્બર-૨૦૧૪માં રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૪માં અમરેલી ખાતે છાપવામાં આવેલ હોર્ડીંગ્સમાં માન.રા.ક.મંત્રીશ્રી (કૃષિ) ના ફોટાની બદલે અન્ય મહાનુભાવનો ફોટો છાપવામાં આવેલ હોવાનું જણાઇ આવેલ હતુ. આ બન્ને કિસ્સામાં જે તે એજન્સીના ઓપરેટરની ભૂલથી આવુ બન્યાનું જણાયું હતુ. આવી રીતે મહાનુભાવોના ફોટા છાપવાનો આખરી નિર્ણય એજન્સીના ઓપરેટરની વિવેક બુધ્ધિ ઉપર છોડી દેવાનું બીલકુલ યોગ્ય નથી. આ પ્રકારના કાર્યક્રમમાં હોર્ડીંગ્સ/ બેનર કે કોઈપણ પ્રકારનુ સાહિત્ય તૈયાર થાય તે

PTO

દરમ્યાન અને તૈયાર થયા પછી તે જાહેરમાં મુકવામાં આવે તે પહેલા વર્ગ-૧/વર્ગ-૨ ના નિયત અધિકારી ધ્વારા મહાનુભાવોના છપાઈ રહેલા ફોટા બાબતે ચકાસણી કરી લેવાની અને તે ચકાસણી થયા પછી જ તે જાહેર માં મુકાય તે પ્રકારની વ્યવસ્થા રાખવા જણાવવામાં આવે છે.

ભવિષ્યમાં આવી કોઈ ઘટના બનશે તો જવાબદારો સામે કડક પગલા લેવામાં આવશે અને નિયમોનુસારની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવા સર્વેને આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે. સરકારશ્રીની આ સુચના અમલ અર્થે જિલ્લા અને તાલુકા કક્ષાની તમામ કચેરીઓના ધ્યાન પર મૂકી તેની અત્રેને જાણ કરવા વિનંતિ છે.

આપનો વિશ્વાસુ

(જે.બી.વાઘેલા)
નાયબ સચિવ
કૃષિ અને સહકાર વિભાગ

નકલા રવાના

સર્વે કલેકટરશ્રીઓ/ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તરફ જાણ અને જરૂરી સુચના આપવા સારૂ

આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ

નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.

૧. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ. આણંદ
૨. તમામ યુનિટ / સબ યુનિટ કચેરીઓ તરફ.

૨/-જાણ તથા પત્રમાં જણાવેલ વિગતો ધ્યાને લઇ તે મુજબ અમલ કરવા વિનંતી.

કુલસચિવ

જા.નં.આકૃયુ/રજિ/સંકલન/ ૮૦૯ /૨૦૧૫
તા.૨૯/૦૬/૨૦૧૫

નકલ રવાનાઃ

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી,આ.કૃ.યુ. આણંદ
૨. કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ, આ.કૃ.યુ. આણંદ
૩. આ કચેરીની તમામ શાખાઓ તરફ.